અપીલ અરજી નં.૨૫૨ તા .૯–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– ડે.કમિ.અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૧૧–૮–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) સરદાર સર્કલથી રાંદેર રોડ ડાબી બાજુ માવાણી પોઈન્ટની પાછળ ભવ્ય ઈમારતનું મોટું બાંધકામ ચાલે છે તેની રજાચિઠ્ઠી, પરવાનગીની નકલો સહિતની માહિતી તથા રજાચિઠ્ઠીના નિયમો મુજબ જે તે અધિકારીએ જે તે સાઈટ વિઝીટની ડાયરીની નકલ સહિતની માહિતી વિ.મુદ્દા નં.(૧) થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૯–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૫૨/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૧૧–૮–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) સરદાર સર્કલથી રાંદેર રોડ ડાબી બાજુ માવાણી પોઈન્ટની પાછળ ભવ્ય ઈમારતનું મોટું બાંધકામ ચાલે છે તેની રજાચિઠ્ઠી, પરવાનગીની નકલો સહિતની માહિતી તથા રજાચિઠ્ઠીના નિયમો મુજબ જે તે અધિકારીએ જે તે સાઈટ વિઝીટની ડાયરીની નકલ સહિતની માહિતી વિ.મુદ્દા નં.(૧) થી (૨)નીમાહિતી આપવા બાબતે ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ના પત્ર નં. આઉટવર્ડ નં. / ૫૪૪ તા. ૩૦–૮–૧૧ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા **સાથે રજાચિઠ્ઠી, ડીસ્પ્લે,વિઝીટ અને ડાયરીની નકલોની દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૭૯૭ તા.૧૯–૯–૧૧ થી ડે.કમિ.અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને સર્વે ફા.પ્લોટ નંબર જાહેર માહિતી અધિકારી કે સીવીક સેન્ટર ખાતેથી મેળવવા પ્રયત્ન કરી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા તથા રજાચિઠ્ઠી ડીસ્પ્લે નહીં હોવાના કોઈ આધાર હોય તો તે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૬૧૭ તા.૨૯–૯–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૫૪૪ તા.૩૦–૮–૧૧ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પૂરક વિગતમાં અરજદારે પાઠવેલ પત્રમાં જાહેર માહિતી અધિકારીએ ડીસ્પ્લે ન લગાવનારની પૂર્તતા કરવાની રહે તેવું પૂરક પત્રમાં વિગત લખીને જણાવેલ છે. પરંતુ પત્ર સંદર્ભે માહિતી અધિકારી પાસે ફા.પ્લોટ નંબર મેળવવાનો પ્રયાસ કે ડીસ્પલે નહીં હોવા બાબતે કોઈ વિગતો આધારસહ જણાવેલ નથી.

અરજદારની તા.૧૧–૮–૧૧ ની અરજીથી સરદાર સર્કલથી રાંદેર રોડ ડાબી બાજુ માવાણી પોઈન્ટની પાછળ ભવ્ય ઈમારતનું મોટું બાંધકામ ચાલે છે તે અંગે બાંધકામ બાબતે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં. (૧) સરદાર સર્કલથી રાંદેર રોડ ડાબી બાજુ માવાણી પોઈન્ટની પાછળ ભવ્ય ઈમારતનું મોટું બાંધકામ ચાલે છે તેની રજાચિઠ્ઠી, પરવાનગીની નકલો સહિતની માહિતી તથા રજાચિઠ્ઠીના નિયમો મુજબ જે તે અધિકારીએ જે તે સાઈટ વિઝીટની ડાયરીની નકલ સહિતની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી સ્કીમ નંબર, ફાયનલ પ્લોટ નંબર તેમજ સબ પ્લોટ નંબર સહિતની વિગતો જણાવ્યેથી માહિતી આપી શકાય તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) આ સ્થળ ઉપર રજાચિઠ્ઠી ડીસ્પ્લે કરેલ હોય કે ન હોય તથા લાગતા વળગતા જવાબદાર અધિકારીના નામ અને હોદ્દાની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી સ્કીમ નંબર, ફાયનલ પ્લોટ નંબર તેમજ સબ પ્લોટ નંબર સહિતની વિગતો જણાવ્યેથી માહિતી આપી શકાય તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે ડીસ્પ્લે, રજાચિઠ્ઠી, જવાબદાર અધિકારીઓના નામ અને વિગતો ન આપવાના કારણે તા.૯–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે બંને પક્ષકારોને અપીલ તબકકે પૂરક વિગતો અંગે પત્ર પાઠવવામાં આવેલ.જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૫૪૪ તા.૩૦–૮–૧૧ થી અરજદારને તેમની અરજી સંદર્ભે ટીપી સ્કીમ નંબર, ફાયનલ પ્લોટ નંબર તેમજ સબ પ્લોટ નંબરની વિગતોસહ માહિતી પૂરી પાડવા જણાવેલ છે. તેમ છતાં અરજદાર તરફથી જાહેર માહિતી

અધિકારીનો કોઈ સંપર્ક કરવામાં આવેલ જણાતો નથી. વધુમાં જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં પણ કોઈ પણ મિલ્કતની સ્પષ્ટ વિગત ન હોય, માહિતી આપી શકાતી નથી. તે મુજબની વિગત જણાબમાં જણાવેલ છે. વધુમાં કોઈ મિલ્કત માટે પ્લાન/રજાચિઠ્ઠીની વિગત માંગેલ છે તે પણ સ્પષ્ટ થઈ શકતું નથી. જે વિગત જણાવ્યેથી તમામ માહિતી વિગતવાર માહિતી આપી શકાય. તેવું જણાવેલ છે. અરજદારને અપીલ તબકકે પણ સર્વેનંબર, ફા.પ્લોટ નંબર અંગે પ્રયત્ન કરેલ છે કે કેમ? અથવા તો જાહેર માહિતી અધિકારી પાસે તે મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ? જે અંગે કોઈ વિગતો રજૂ કરેલ નથી. આમ અરજદારની સંદિગ્ધ માહિતી હોવા છતાં અને અપીલ તબકકે તક આપવા છતાં કોઈ સ્પષ્ટતા કરેલ નથી. સંદિગ્ધ માહિતી પૂરી પાડવાની આરટીઆઈ કાયદા સાથે સુસંગત નથી. વધુમાં જયાં સુધી અરજદાર માહિતી સ્પષ્ટ કરેલ વિગતો જણાવે નહીં ત્યાં સુધી અરજીમાં જણાવેલ વિગતોની માહિતી પૂરી આપી શકાતી નથી. તેવું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. એટલે કે મિલ્કતના સંદર્ભે પ્લાન, રજાચિઠ્ઠી કે અન્ય વિગતો મિલ્કતની ઓળખ ઉપર નિર્ભર રહે છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૮–૭–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી મિલ્કતનું ટીપી સ્કીમ નંબર, ફાયનલ પ્લોટ નંબર તેમજ સબ પ્લોટ નંબર વિગેરેની ઓળખ આપ્યેથી માહિતી પૂરી પાડવાની તૈયારી દર્શાવેલ હોય અરજદાર ઈચ્છુક હોય તો દિન–૭ માં જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી તે અંગે સ્પષ્ટતા કરી વિકલ્પે બાંધકામ રજીસ્ટરની તપાસણી મેળવી લાગુ કિસ્સામાં અરજદાર તેવી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ ફી ભરીને માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ